## ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૩(૧)(ખ) અન્વયેનું જાહેરનામું

નં.ડીસીબી/એમએજી/નો–એન્ટ્રી/જા.નામુ/વશી. ૬૭૯ થી ૭૮૦ /૨૦૧૯
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,નવસારી,
તા.૨૩–૦૧–૨૦૧૯

વંચાણે લીધું :–

(૧) પોલીસ અધિક્ષકશ્રી નવસારીના પત્ર નં.એલ.આઈ.બી/ નો–એન્ટ્રી–જાહેરનામું/૩૦૬/૨૦૧૯, તા.૧૮/૧/૨૦૧૯

:: હુકમ ::

આમુખ–૧થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી દ્વારા નવસારી/ વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં ટ્રાફીક વ્યવહાર નિયંત્રિત કરવા સારૂ ભારે વાહનોનો પ્રવેશ કરી શકાશે નહી કે અંદર અવર જવર કરી શકાશે નહી તેવું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

આમ પોલીસ અધિક્ષકશ્રી,નવસારીની આમુખ(૧) ઉપર મુજબની મળેલ દરખાસ્તને ધ્યાનમાં લેતાં, નવસારી અને વિજલપોર શહેરી વિસ્તારોમાં સાંકડા રસ્તાઓ તેમજ વાહનોની અવર જવરની ક્ષમતા કરતાં રસ્તાઓની સંખ્યા ઓછી હોઈ, તેમજ વાહનોની અવર જવરના કારણે ઘણી વખત શહેરના મુખ્ય માર્ગો ઉપર ખૂબજ ભારે પ્રમાણમાં ટ્રાફીક જામના સંજોગો ઉપસ્થિત થતાં હોઈ, શહેરનો ટ્રાફીક વ્યવહાર નિયંત્રિત કરવા સારૂ જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા ઉચિત જણાતું હોય, નવસારી નગરપાલિકા વિસ્તાર તથા વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં ગુડઝ તથા પેસેન્જર વ્હીકલ જેનું વજન ૮.૫ ટન કે તેથી વધારે વજન વાળા (છ પૈડાથી વધુ પૈડા વાળા વાહનો) વાહનો સવાર કલાક ૦૮–૦૦ થી બપોરે કલાક ૧૩–૦૦ તેમજ સાંજે કલાક ૧૬–૦૦ થી ૨૧–૦૦ સુધી કોઈપણ રસ્તાથી નવસારી/ વિજલપોર નગરપાલિકા વિસ્તારમાં પ્રવેશ કરી શકાશે નહી કે અંદર અવર જવર કરી શકાશે નહી કે અંદર અવર જવર કરી ન કરવા તા.૨૫–૦૧–૨૦૧૯ થી તા.૨૫–૦૩–૨૦૧૯ સુધી ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૩૩ ની પેટા કલમ (૧)(ખ) થી મને મળેલ સતાની રૂએ, હું ડો.એમ.ડી.મોડીયા, (આઈ.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી આદેશ કરું છું.

નોંધ:–(૧) આ વાહનોમાં સરકારી–અર્ધ સરકારી કામે રોકાયેલ વાહનો, આવશ્યક ચીજ વસ્તુઓની હેરફેર કરતાં વાહનો, પોલીસ વાહનો, સ્કુલ બસ, એમ્બ્યુલન્સ, એસ.ટી.બસ, ફાયરના વાહનો, વિદ્યાર્થી પ્રવાસ બસ, લગ્ન પ્રસંગની બસ, તેમજ ઈમરજન્સી સર્વિસમાં સમાવેશ થતો હોય તેવા વાહનોને આ જાહેરનામાં માંથી મુકિત રહેશે.

(૨) ખાસ કિસ્સાઓમાં ઉકત પ્રતિબંધિત સમય દરમ્યાન કોઈ ભારે વાહનોને શહેરમાં પ્રવેશ કરવા માટે જરૂરીયાત જણાય તેવા કિસ્સાઓમાં અરજદારોએ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, હેડ કવાર્ટર, નવસારી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ટ્રાફીક શાખા, નવસારીનાઓની લેખીત મંજુરી મેળવી લેવાની રહેશે.

(૩) સેન્ટ્રલ પબ્લીક વર્કસ, દાંડી પ્રોજેકટ ડીવીઝન દાંડી, તા.જલાલપોર, જિ.નવસારી હસ્તક ભારત સરકારનો નેશનલ દાંડી મેમોરીયલ કોમ્પલેક્ષ પ્રોજેકટ અંતર્ગત વેલકમ સેન્ટર, સોલ્ટ મેકીગ સેન્ટર વિગેરે પ્રોજેકટ અંતર્ગત કામ કરતા શ્રી ગણેશ કોર્પોરેશન, નવસારીના આર.એમ.સી.ના વાહનોને નવસારી તથા વિજલપોર નગરપાલિકા વિસ્તારમાંથી દિવસ દરમ્યાન વાહનો લાવવા-લઈ જવાની છુટ આપવામાં આવે છે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ:૨૩-૦૧-૨૦૧૯ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી આપી.

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSO.

REC. DT.30-01-2019

( ડો.એમ.ડી.મોડીયા )
જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી

પ્રતિ,
પોલીસ અધિક્ષકશ્રી
નવસારી

નકલ સવિનય રવાના :- અધિક મુખ્ય સચિવશ્રી, બ્લોક નં.૨, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજશ્રી, નવસારી
મે.ચીફ જ્યુ.મેજી.શ્રી નવસારી

નકલ જયભારતસહ રવાના :-પોલીસ અધિક્ષકશ્રી નવસારી

નકલ જયભારતસહ રવાના :-આસી.કમિશ્નર ઓફ ઈન્ટે.સુરત રીજીયોન, સુરત રીજીયોનની કચેરી સુરત

નકલ રવાના :- સબ ડીવીજનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારી /ચીખલી / વાંસદા

નકલ રવાના :- પેટા વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી નવસારી

નકલ રવાના :- કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી તમામ
( નવસારી(શહેર) / નવસારી (ગ્રામ્ય) / જલાલપોર / ગણદેવી / ચીખલી / ખેરગામ / વાંસદા )
ચીફ ઓફીસરશ્રી તમામ
( નવસારી / વિજલપોર / ગણદેવી / બીલીમોરા )
પોલીસ ઈન્સ્પેકટર / સબ ઈન્સ્પેકટરશ્રી તમામ
( નવસારી ટાઉન / નવસારી રુરલ / જલાલપોર / ગણદેવી / બીલીમોરા / ચીખલી / ખેરગામ / વાંસદા / એલ.આઈ.બી / એલ.સી.બી. / એસ.ઓ.જી. )
૨/- જાહેર સ્થળોએ નકલો ચોટાડી લાઉડસ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરવા સારૂં.

નકલ રવાના : ડેપો મેનેજરશ્રી, એસ.ટી. ડેપો નવસારી.

નકલ રવાના :- સહાયક માહિતી નિયામકશ્રી, બહુમાળી મકાન જુનાથાણા નવસારી બહોળી પ્રસિધ્ધી થવા સારુ
૨/- સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં વિના મુલ્યે પ્રસિધ્ધ કરવા અને વર્તમાન પત્રોની કાપલીઓ મોકલવા સારું.

નકલ સવિનય રવાના :- ખાસ મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી સુરત વિભાગ, સુરત.

નકલ જયભારતસહ રવાના:- મેનેજરશ્રી, સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા, જિ.વડોદરા
૨/- સદરહુ જાહેરનામુ આપના રાજયપત્ર અંકોમા પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલવા વિનંતી છે.